Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આત્માનંદ પ્રકાશ.

પુસ્તક ૯ મું. વિક્રમ સંવત્ ૧૯૬૮. માગશર. અંક ૫ મો.

## રૂપસ્થ પદ મરોહિત સુખાનુભવ

### કરવા દેવાને માટે.

## પ્રભુ પ્રાર્થના.

( મધુસૂદન )

( વિષય વાત મમ માત તજીને કૃષ્ણ ભજન તું કરવા દે. એ રાગ )

પ્રભુ ! પ્રભુ! લય લાગીછે મુજને, પ્રભુ ! મુખદર્શન કરવા દે.
શાંતવૃત્તિથી સુફલ મનોરથ-અમીના ઘુંટડા ભરવા દે;
અમીઝર વામાનંદનશું ચિત્ત ! ભકિત સુધાને ઝરવાદે,
રૂપપરી ધ્યાવન સહકારીથી, રૂપ અતીત સંચરવાદે,
કેશવ શિવ કામુક તસ સંગે અનુપમ સુખમાં ઠરવા દે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વિષય વિરકત વીરાષ્ટક.

[ શિખરણી છંદ ]

સતાવો સો ફેરા, કરિ અતિ નિઝ કામ રચના,
નહીં તોયે ફાવી, સુદરશન જાણો દ્રઢમના;
દિધા ફૂડા આળો, મટિ સુલિજ સિંહાસન થયા,
હતા સાચા વીરો, વિષય સુખમાં અંધ ન થયા. ૧

વસે વાસો બારો, વરસલગિ વેશ્યા ભુવનમાં;
મહાત્મા સ્થુલીભદ્ર, ફરિ નહિ આવ્યા જ ઘરમાં;
ચાર્તુમાસો રહિ ત્યાં, જરિ નહિ ડગ્યા સ્થિર જ થયા,
હતા સાચા વીરો, વિષય સુખમાં અંધન થયા. ૨

પ્રતી બોધે પ્રેમે, ધનકુંવર આવી નિજ ઘરે;
મહાનુભાવોએ, કિમ રહિ શકો કાયર પરે;
સુણી એવું શાળી, કુમર તજતા દ્વાત્રિંશ પ્રિયા,
હતા સાચા વીરો, વિષય સુખમાં અંધન થયા. ૩

મનાવે ભોજાયો, મલપતિ મળી નેમિ જીનને;
વિવાહ કાજે વાલા, યદુપતિ ગયા જાન લહિને,
સુણી પોકારો તે, વખત પશુનાં આવી જ દયા;
હતા સાચા વીરો, વિષય સુખમાં અંધન થયા. ૪

વળ્યા પાછા જાણી, યદુપતિ કરે સર્વ વિનંતી,
કરો શું આ સ્વામી, અરજ કરતા રાજુલ સતી;
પ્રતીબોધી પોતે, શિવરમણિ માટે સજ થયા,
હતા સાચા વીરો વિષય સુખમાં અંધન થયા. ૫

વરાવે માબાપો, વિજય વિજયા નાનિ વયમાં,
લિધેલા તે વેળા, શિયળ નિયમો લાવિ મનમાં;
લગાવી કામોને, મુખપર તમાચો થિર થયા,
હતા સાચા વીરો, વિષય સુખમાં અંધન થયા. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગયો રાત્રી વેળા, પ્રભવ્ જંબુ કુમાર ઘરમાં,
દિઠા ત્યાં સ્વામીને, તવ ધરત વૈરાગ્ય મનમાં;
સવારે સો પાંચો, સતવિંશ મળીને મુનિ થયા,
હતા સાચા વીરો, વિષય સુખમાં અંધન થયા. ૭

કુમારી મલ્લીને, પુરવ ભવના મીત્ર છ મળ્યા,
લિધી દીક્ષા સાથે લગન વખતે કેલ વિકળા;
ગુણો એવા દુર્લભ, ગ્રહણ કરીને શિવ ગયા,
હતા સાચા વીરો વિષય સુખમાં અંધન થયા. ૮

લી. દુર્લભજી ગુલાબચંદ મેતા.
વળા.

---

શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય કૃત.

## શ્રી મહાવીર જિનસ્તોત્ર.

અનુવાદક,

**મુનિરાજશ્રી કર્પૂરવિજયજી મહારાજ.**

ગતાંક પૃષ્ટ ૧૦૧ થી શરૂ.

**अनाद्यविद्योपनिषन्निषण्णैर्विशृङ्खलैश्चापलमाचरद्भिः ।**
**अमूढलक्ष्योऽपि पराक्रिये यत्त्वत्किंकरः किं करवाणि देव॥२३॥**

હે દેવ! અનાદિ અવિદ્યાના રહસ્યમાં નિપુણ, સ્વચ્છંદવર્તી એવા વાગાડંબરી જનોએ અમૂઢ લક્ષવાળા આપનો પણ અનાદર કર્યો તો પછી મારૂં તો શું ગજું? અર્થાત્ એવા મિથ્યામતિને હું શી રીતે સમજાવી શકું? ૨૩

**विमुक्तवैरव्यसनानुबन्धाः श्रयन्ति यां शाश्वतवैरिणोऽपि ।**
**परैरगम्यां तव योगिनाथ तां देशनाभूमिमुपाश्रयेऽहम् ॥२४॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હે યોગિનાથ! સર્વ વૈર વિરોધને મૂકી દઇને નિત્ય વૈરી પ્રાણિયો પણ જેનો આશ્રય કરે છે, પણ મિથ્યામતિ જેનું સ્વરૂપ સમજી શકતો નથી, એવી આપની દેશના ભુમિનો હું આશ્રય કરૂં છું. ૨૪

मदेन मानेन मनोजवेन क्रोधेन लोभेन च संमदेन ।
पराजितानां प्रसभं सुराणां वृथैव साम्राज्यरुजा परेषाम् ॥२५॥

હે પરમાત્મન્! મદ, માન, કામ, ક્રોધ, લોભ અને હર્ષ આદિક દોષોવડે અત્યંત પરાભવ પામેલા પરમતના દેવોની સામ્રાજ્યલક્ષ્મી વ્યર્થજ છે. સદ્ગુણો વિનાનો બાહ્યાડંબર કેવળ દુઃખદાયી જ છે. અથવા તો તે એક વા અનેક-મહા રોગની જેમ પરિણામે વિનાશ કારક થાયછે. ૨૫

स्वकण्ठपीठे कठिनं कुठारं परे किरन्तः प्रलपन्तु किंचित् ।
मनीषिणां तु त्वयि वीतराग न रागमात्रेण मनोऽनुरक्तम् ॥२६॥

પોતાનીજ ડોક ઉપર તીક્ષ્ણ કુઠાર (કુહાડા) ને મારનાર અન્ય મતવાળા ગમે તેમ લવો! પરંતુ હે વીતરાગ! તત્ત્વજ્ઞ પુરૂષોનું મન આપના ચરણમાં કેવળ રાગ માત્રથી અનુરક્ત થયું નથી, કિંતુ આપના અવિરોધિ વચનોની પ્રતીતિ થવાથી જ અનુરકત થયેલ છે.

सुनिश्चितं मत्सरिणो जनस्य न नाथ मुद्रामतिशेरते ते ।
माध्यस्थ्यमास्थाय परीक्षका ये मणौ च काचे च समानुबन्धाः २७

હે નાથ! જે પરીક્ષક લોકો મધ્યસ્થપણું રાખીને મણી અને કાચમાં સરખાપણું માને છે તેઓ પણ અંતરમાં મત્સર ભાવનેજ ભજવાવાળા છે એ વાત સિદ્ધાંત રૂપ છે. સદ્ગુણગ્રાહી મધ્યસ્થ માણસજ સાચા ખોટાને યથાર્થ પારખીને ખોટાને તજી ખરાને આદરી શકે છે. ૨૭

इमां समक्षं प्रतिपक्षसाक्षिणामुदारघोषामवघोषणां ब्रुवे ।
न वीतरागात्परमस्ति दैवतं न चाप्यनेकान्तमृते नयस्थितिः २८ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સકળ પરવાદીની સમક્ષ નિર્ભયપણે અને નિઃશંકપણે આ અચળ સિદ્ધાંત જાહેર કરૂં છું કે “ **શ્રી વીતરાગ ઉપરાંત દુનિયામાં કોઇ દેવ નથી** અને **સ્યાદ્વાદ માર્ગ** વિના **બીજો કોઇ ન્યાય માર્ગ નથી.**” તેથી કોઈ પણ મોક્ષાર્થીજનોએ દેવમાં **વીતરાગદેવને** અને ધર્મમાં **સ્યાદ્વાદધર્મનેજ** સ્વીકારવા યુકત છે. તે વિના તો અન્યત્ર અપાયેલા સ્વાર્થી ઉપદેશથી કેવળ ભ્રમણામાંજ ભૂલી સંસાર અટવીમાં સદા ભમવુંજ પડશે. ૨૮

**न श्रद्धयैव त्वयि पक्षपातो न द्वेषमात्रादरुचिः परेषु ।**
**यथावदाप्तत्वपरीक्षया तु त्वामेव वीर प्रभुमाश्रिताः स्मः ॥**

હે સ્વામિન્ શ્રદ્ધામાત્રથી અર્થાત્ ગુણદોષની યથાર્થ પરીક્ષા કર્યા વિના ખાલી રાગમાત્રથી યા અંધશ્રદ્ધાથી અમને આપના વિષે પક્ષપાત નથી, તેમજ દ્વેષમાત્રથી અન્ય દેવોના વિષે અરૂચિ નથી. કિંતુ આપ્તપણાની પુરતી તપાસ કરીનેજ હે વીર ! અમે તમારા શરણે આવ્યા છીએ. આપ્તની પરીક્ષા આપ્ત–અવિરોધી વચનથી, તેમના પવિત્ર ચરિત્રથી તેમજ તેમની નિર્દોષ મુદ્રા–પ્રતિમાથી થઇ શકે છે; તે પ્રમાણે પરિક્ષા કરતાં અમને આપનામાંજ આપ્તપણાની પ્રતીતિ થયાથી અમે પરનો પરીહાર કરીને આપનો–આપની સ્યાદ્વાદ મુદ્રાનો સર્વથા સ્વીકાર કર્યો છે. ૨૯

**तमःस्पृशामप्रतिभासभाजं भवन्तमप्याशु विविन्दते याः ।**
**महेम चन्द्रांशुदृशा (?) वदातास्तास्तर्कपुण्या जगदीश वाचः ॥३०॥**

અજ્ઞાની જનોને જેનો પ્રતિભાસ થઇ શકતો નથી એવા આપ જે વડે શીઘ્ર પ્રતિભાસિત થઇ શકોછો એવી નયગર્ભિત અને નિર્મળ દૃષ્ટિ ( સમકિતવંત ) માં સ્ફુરેલી જૈન વાણીને અમે અતિ આદર પૂર્વક સ્તવિયે છીએ. ૩૦

**यत्र तत्र समये यथा तथा योऽसि सोऽस्यभिधया यया तया ।**
**वीतदोषकलुषः स चेद्भवानेक एव भगवन्नमोऽस्तु ते ॥ ३१ ॥**

ગમે તે મતમાં ગમે તે પ્રકારવડે ગમે તે નામથી રાગ દ્વેષ મોહાદિક દોષ–કલુષતા રહિત જે આપ છો તેજ એછે તો સહજ સિદ્ધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થાય છે કે એવા નિર્દોષ પ્રભુ આપ એકજ છો, તેથી આપને નમસ્કાર ! અમારે કેવળ નામથી કામ નથી. જેમના સમસ્ત દોષો દૂર થયાથી સ્ફટિક જેવા નિર્મળ ગુણો જેમાં પ્રગટયા હોય એવા શુદ્ધ અવિનાશી પરમાત્માને અમારો વારંવાર નમસ્કાર ! ૩૧

इदं श्रद्धामात्रं तदथ परनिन्दां मृदुधियो
विगाहन्तां हन्तः प्रकृतिपरवादव्यसनिनः ।
अरक्तद्विष्टानांजिनवर परीक्षाक्षमधिया—
मयं तत्वालोकस्तु तिमयमुपाधिं विधृतवान् ॥ ३२ ॥

કોમળ બુદ્ધિ-ભદ્રકપરિણામી જૈનો તો આ સ્તોત્રને શ્રદ્ધા માત્રથી માનો ! અને સ્વભાવેજ પરનિંદા રસિક જનો આ સ્તોત્રને પરનિંદા રૂપ માનો ! કેમકે નિંદક જનોને નિંદા કરવાનોજ ઢાળ પડયો હોય છે તેથી દૂધમાં પણ પોરા જોવે છે. પરંતુ હે પ્રભો ! પરીક્ષા કરવાને સમર્થ એવા નિષ્પક્ષપાતી પુરૂષોને તો આ તત્ત્વ-પ્રકાશક સ્તોત્ર સ્તુતિમય ધર્મ વિચારણાનેજ જાગૃત કરનાર છે. તથાસ્તુ ! ! ! ૩૨

---

# આત્મજ્ઞાનનો સરલ—શુદ્ધમાર્ગ

ગતાંક પૃષ્ટ ૧૦૯ થી શરૂ.

## હવે દશ પ્રકારના સમ્યકત્ત્વનું વિવેચન આ પ્રમાણે છે.

૧ નિસર્ગરૂચિ—નિસર્ગ એટલે સ્વભાવે કરીને જિનેશ્વરના કહેલા તત્ત્વોને વિષે રૂચિ થાય, તે નિસર્ગરૂચિ સમ્યકત્ત્વ કહેવાય. છે અર્થાત્ જિનેશ્વરે દર્શાવેલા તત્ત્વાદિકના સ્વરૂપ એમજ છે, તેથી અન્યથા છેજ નહીં, આમ જાણે એટલે જે તીર્થંકર ભગવાને દ્રવ્ય, ક્ષેત્ર, કાલ તથા ભાવના ભેદે કરી તથા નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવના ભેદે કરી ચાર પ્રકારના જીવાદિક પદાર્થોને જાતિસ્મરણ જ્ઞાનની જેમ બીજાના ઉપદેશ વિના અથવા શ્રુતજ્ઞાનના બળે કરીને અત્યંત શ્રદ્ધા કરે તે નિસર્ગરૂચિ સમ્યકત્ત્વ કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૨ ઉપદેશરૂચિ—ગુરૂ, માતા, પિતા વગેરે વડિલોએ કહેલા વસ્તુ તત્ત્વમાં જે રૂચિ ઉત્પન્ન થાય એટલે આંતરા રહિત કહેલા જીવાદિક પદાર્થોને વિષે તીર્થંકર, ગણધર આદિ પુરૂષોના તેમજ છદ્મસ્થ પુરૂષોના ઉપદેશથી જે રૂચિ–શ્રદ્ધા ઉત્પન્ન થાય તે ઉપદેશ રૂચિ સમ્યકત્વ કહેવાય છે.

૩ આજ્ઞારૂચિ—સર્વજ્ઞની આજ્ઞા ઉપર જે ભવ્ય પુરૂષ રૂચિ કરે એટલે જે ભવ્ય રાગ દ્વેષ, મોહ, તથા અજ્ઞાનથી દેશવડે રહિત થઇ તીર્થંકર તથા ગણધર વગેરેની આજ્ઞા વડે પ્રવચનના અર્થ થયેલા છે, એમ જાણી પોતે બુદ્ધિહીન હોય તો પણ તેને યથાર્થ રીતે માષતુષ મુનિની પેઠે અંગીકાર કરે તે આજ્ઞારૂચિ સમ્યકત્વવાલો કહેવાય છે. આ સમ્યકત્વમાં કહેવાનું તાત્પર્ય એ છે કે, આગમને વિષે જે અર્થ જ્ઞાની મહારાજે કહેલો છે તે યથાર્થ જ છે મારે પ્રમાણ છે, કદી તેમાંથી કોઇ ભાગ હું મંદ બુદ્ધિ સમજી શકતો નથી તો આગળઉપર વિશેષ અભ્યાસથી તે મારા સમજવામાં આવશે. ઉદ્યમ કરવાથી શું પ્રાપ્ત થતું નથી ? તેમ કરતાં કદિ સમજવામાં ન આવે તો મારા કોઇ કર્મનો દોષ છે. આ પ્રમાણે માને છે. પણ જેમાં પોતાને સમજ પડે નહીં તેને અપ્રમાણ ગણે નહીં, અને એવી દૃષ્ટિથી પોતે પોતાની મંદ બુદ્ધિ થવાના કારણ પ્રગટ કરે છે. સર્વ ભવ્ય જીવોએ સમ્યગ્દૃષ્ટિથી જિનેશ્વરના વચન ઉપર શ્રદ્ધા પૂર્વક એવી પ્રતીતિ કરવી જોઇએ. અને અભ્યાસમાં તત્પર રહેવું જોઇએ. એવી રીતે જિનેશ્વરે જે કહેલ તેને પ્રમાણભૂત માને તે આજ્ઞારૂચિ સમ્યકત્વ કહેવાય છે.

**આજ્ઞારૂચિ સમ્યકત્વ ઉપર માષ—તુષનું દૃષ્ટાંત** કોઇ પુરૂષે કોઇ ઉત્તમ ગુરૂ પાસે ધર્મ સાંભળી પ્રતિબોધ પામી દીક્ષા લીધી હતી. ગુરૂએ તેને અભ્યાસ કરાવવા માંડયો પરંતુ કોઈ જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી તે શિષ્ય એક પદ પણ ધારણ કરવાને કે ઉચ્ચાર કરવાને શક્તિમાન થયો નહીં. આથી ગુરૂ કંટાળી ગયા અને તેમણે માન્યું કે, હવે આ શિષ્યને શાસ્ત્રનું અધ્યયન કરાવાથી સર્યું. છેવટે એક વખતે ગુરૂએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને કહ્યું કે, “ શિષ્ય, તને કાંઇ પણ આવડે તેમ નથી, માટે તું કેવળ ‘મારૂષ, માતુષ’ એમ જપ્યા કર. ” તે અલ્પમતિ શિષ્ય તે વાક્ય પણ પુરી રીતે બોલી શકયો નહીં. તેને ઠેકાણે ‘ માષતુષ ’ એમ બોલવા લાગ્યો. પોતે તે જાણતાં પોતાના આત્માને પછી નિંદતો હતો, પણ કેવળ ગુરૂની આજ્ઞાને પ્રમાણ કરી તે ઉપર પૂર્ણ શ્રદ્ધા રાખતો હતો, તેથી તે ઉત્તમ ભાવનાઓ કરી ચાર ઘનઘાતીકર્મનો ક્ષય કરી તત્કાળ કેવલજ્ઞાનની લક્ષ્મીને પ્રાપ્ત થયો હતો. આવો પુરૂષ આજ્ઞારૂચિ કહેવાય છે.

૪ સૂત્રરૂચિ—સૂત્ર એટલે અંગ ઉપાંગ આદિ આચારાંગ પ્રમુખ. જેની અંદર આચારનું લક્ષણ કહેવામાં આવે છે, તેને વિષે જેને રૂચિ છે એટલે ભણવા ભણાવવાની, ધારવાની અને તેના સ્વરૂપના ચિંતવનની પ્રીતિ છે, તે સૂત્રરૂચિ સમ્યકત્વવાન કહેવાય છે. અર્થાત્ સૂત્ર ભણતાં ભણાવતાં તે સમ્યકત્વની પ્રાપ્તિ થાય છે અને અતિશય સારા અધ્યવસાય ઉત્પન્ન થાય છે. તે સૂત્રરૂચિ ઉપર ગોવિંદ વાચકનું દૃષ્ટાંત છે.

**ગોવિંદ વાચકની કથા.**

ગોવિંદ નામે એક બૌદ્ધ ધર્મનો ભક્ત હતો. તે જિનેશ્વરના આગમનું રહસ્ય તથા તત્ત્વનું ગ્રહણ કરવા માટે કપટે કરી જૈન સાધુ બની આચાર્ય મહારાજની પાસે જૈન સિદ્ધાંત ભણવા આવ્યો. જૈન સિદ્ધાંત ભણતાં તેને સૂત્રના અર્થવડે તેના પરિણામની નિર્મળતા પ્રગટ થઈ આવી અને તેથી સમ્યકત્વને પામી જૈન શુદ્ધ મુનિ થઈ આચાર્ય પદને પામી ગોવિંદવાચકના નામથી પ્રખ્યાત થયા હતા. આ ગોવિંદ વાચક સૂત્રરૂચિ સમ્યકત્વવાળા જાણવા.

૫ બીજ રૂચિ—બીજની પેઠે જે એક વચન અનેક અર્થને બોધ કરનારૂં હોય તે બીજ વચન કહેવાય છે. તેવા વચનને વિષે જેને રૂચિ હોય તે બીજ રૂચિ સમ્યકત્વવાન કહેવાય છે. જેમ બીજ એક હોય છતાં અનેક બીજાને ઉત્પન્ન કરે છે, તેમ આત્માને એક પદ ઉપર રૂચિ હોય તે અનેક પદની રૂચિને ઉત્પન્ન કરનારી થાય છે, એવી જે આત્માને વિષે રૂચિ તે બીજરૂચિ કહેવાય છે, અથવા તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર જળને વિષે પડેલા તેલના બિંદુનું દૃષ્ટાંત છે. જેમ તેલનો બિંદુ-જળના એક દેશમાં પડે છે, પણ તે પછી સમસ્ત જળને આક્રમણ કરે છે, તેવી રીતે તત્ત્વના એક દેશમાં આત્માની રૂચિ ઉત્પન્ન થઇ, તો તે આત્માની રૂચિ તેવી રીતના ક્ષયોપશમથી સમસ્ત તત્ત્વોને વિષે પ્રસરી જાય છે, આનું નામ બીજરૂચિ કહેવાય છે.

૬ અભિગમરૂચિ—અભિગમ એટલે વિશેષ પ્રકારનું જ્ઞાન, તેને વિષે જેને રૂચિ થાય તે અભિગમરૂચિ સમ્યકત્વવાન્ કહેવાય છે. એટલે શ્રુતજ્ઞાનના[૧] અર્થને આશ્રીને જેને વિજ્ઞાન–વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત થાય તે અભિગમરૂચિ કહેવાય છે.

૭ વિસ્તારરૂચિ—સાતનયો વડે સંપૂર્ણ દ્વાદશાંગીની વિસ્તાર પૂર્વક વિચારણા કરવામાં જેની રૂચિ વૃદ્ધિ પામે છે, તે વિસ્તારરૂચિ સમ્યકત્વવાળો કહેવાય છે.

એ વિસ્તારરૂચિ સમ્યકત્વમાં નૈગમાદિક સર્વનયો વડે તથા પ્રત્યક્ષાદિક પ્રમાણો વડે ષટ્ દ્રવ્યનું અને તેના પર્યાયનું યથાર્થ જ્ઞાન થાય છે.

૮ ક્રિયારૂચિ—સમ્યક્ પ્રકારે સંયમ–ચારિત્રના અનુષ્ઠાન એ-ટલે ક્રિયા તેની પ્રવૃત્તિને વિષે જે રૂચિ થવી તે ક્રિયારૂચિ સમ્યકત્વ કહેવાય છે. જે પુરૂષને ક્રિયારૂચિ સમ્યકત્વ પ્રાપ્ત થયેલું હોય, તેને ભાવથી જ્ઞાનાચાર, દર્શનાચાર અને ચારિત્રાચાર આદિ અનુષ્ઠાનને વિષે રૂચિ ઉત્પન્ન થાય છે.

૯ સંક્ષેપરૂચિ—જેનામાં વિશેષ પ્રકારે જાણવાની શકિત ન હોય, તેથી જે સંક્ષેપથી જાણવાની રૂચિ કરે, તે સંક્ષેપરૂચિ સમ્ય-કત્વવાળો કહેવાય છે. તે સમ્યકત્વમાં જિન વચન રૂપ આગમને વિષે અકુશલપણું છતાં તેમજ બૌદ્ધાદિક દર્શનનો અભિલાષી ન છતાં ચિલાતિપુત્રની પેઠે ઉપશમ, વિવેક અને સંવર નામના ત્રણ પદે કરીને તત્ત્વની રૂચિ પ્રાપ્ત થાય છે.

૧ આચારાંગ આદિ અંગ, ઉવવાઇ આદિઉપાંગ અને ઊત્તરાધ્યયનાદિ પ્ર-કરણ તે શ્રુતજ્ઞાન કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦ ધર્મરૂચિ—ધર્મ એટલે અસ્તિકાયાદિ ધર્મ તથા શ્રુતધર્મ ચારિત્રધર્મ, તેને વિષે જેને રૂચિ હોય તે ધર્મરૂચિ સમ્યકત્વવાળો કહેવાય છે. એટલે જિનેશ્વરે કહેલા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય વગેરેના ગતિ, સ્થિતિરૂપ ઉપષ્ટંભકતા આદિ સ્વભાવને વિષે અસ્તિપણું તેમજ અંગ—પ્રવિષ્ટ અર્થાત્ અંગ—આગમના સ્વરુપને વિષે તથા સામાયિકાદિ ચારિત્રધર્મને વિષે જે જીવ શ્રદ્ધા કરે છે, તે ધર્મરૂચિ સમજવો.

અહિં જે સમ્યકત્ત્વના ઉપાધિ ભેદ વડે જુદા જુદા પ્રકાર કહ્યાછે, તે બાળજીવોને વિશેષ બુદ્ધિ ઉપજાવવા માટે કહેલા છે. પરંતુ વસ્તુતાએ તો નિસર્ગ અને અધિગમ એ બે ભેદમાંજ કોઇ કોઇ સ્થળે તે બધાનો અંતર્ભાવ થઈ જાય છે. વળી અહિં સમ્યકત્ત્વને જીવથી અભિન્નપણું જે કહેલું છે, તે ગુણુ અને ગુણીનો અભેદ જણાવવા માટે કહેલ છે, તે ઉપરથી સમજવાનું કે, જે દશ પ્રકારનું સમ્યકત્ત્વ તેજ આત્મા છે, કારણુ કે સમ્યકત્ત્વ એ આત્માનો ગુણુ છે, એટલે આત્મા તેજ સમ્યકત્ત્વ અને સમ્યકત્ત્વ તેજ આત્મા, એ તત્ત્વથી જાણુવું. આત્મા અને આત્માના ગુણુમાં અભેદ છે. તત્ત્વથી ગુણુ અને ગુણી જુદાં નથી.—એ પરમાર્થ છે.

## સર્વ ધર્મકૃત્યોમાં સમ્યકત્ત્વની પ્રધાનતા.

" समत्तमेव मूलं निद्दिठं जिणवरोहिं धम्मस्स ।
एगंपि धम्मकिच्चं न तं विणा सोहए नियमा "१

" જિનવરોએ ધર્મનું મૂળ સમ્યકત્ત્વનેજ કહેલું છે, તે સમ્યકત્ત્વ વિના ધર્મનું એક કાર્ય પણ નિશ્ચે શોભતું નથી. " ૧

આ અપાર સંસારમાં બહુ પ્રકારે ભ્રમણુ કરી ખેદ પામી ગયેલા ભવ્ય જીવોએ જેનું સ્વરૂપ પ્રથમ કહેલું છે એવા શુદ્ધ સમ્યકત્ત્વ વડે પોતાના આત્માને યુક્ત કરવો. કારણુ કે, પોતાની આત્મારૂપી ભૂમિને નિર્મળ કરવાથી તે આધારે કરેલા સર્વ ધર્મના કૃત્યો પ્રભાસ ચિત્રકારે રચેલી ભૂમિ ઉપરના ચિત્રોની જેમ અસાધારણુ રીતે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શોભી ઊઠે છે. કારણ કે, આત્મશુદ્ધિ કર્યા વિના એક પણ ધર્મ કૃત્ય શોભતું નથી; તેથી ભવ્ય જીવોએ પ્રથમ આત્મશુદ્ધિને વિષે પ્રયત્ન કરવો.

**પ્રભાસ ચિત્રકારનું દૃષ્ટાંત.**

આ જંબૂદ્વીપને વિષે ભરતક્ષેત્રના મધ્ય ભાગે સાકેતપુર નામે નગર છે. તે મનોહર અને ઉજ્વળ એવા ઘરોથી તથા સુંદર જિન મંદિરોની શ્રેણીથી સુશોભિત છે. નાગ, પુંનાગ વિગેરે વિવિધ જાતના વૃક્ષોથી યુક્ત એવા અનેક ઉદ્યાનોએ કરી તે વિરાજિત છે. તેમાં સર્વ શત્રુરૂપી વૃક્ષોને ઉખેડવામાં ગજેંદ્ર સમાન મહાબલ નામે એક રાજા હતો. એક વખતે તે રાજા સભામંડપમાં બેઠો છે, તેવામાં અનેક પ્રકારના દેશોમાં ફરનારા પોતાના એક દૂતને આ પ્રમાણે પુછ્યું, "હે દૂત, મારા રાજ્યને વિષે રાજલીલાને યોગ્ય એવી કોઈ વસ્તુ નથી એમ છે?" દૂતે કહ્યું, રાજેંદ્ર, તમારા રાજ્યમાં બીજી વસ્તુઓ છે, પણ નેત્રોને આનંદ આપનારી અને અનેક પ્રકારના ચિત્રોથી અલંકૃત એવી રાજક્રીડા યોગ્ય ચિત્રસભા નથી." દૂતના આ વચન સાંભળી રાજાનું મન તેવી સભાના કુતૂહલથી પૂરિત થઇ ગયું. તત્કાળ તેણે મંત્રીને બોલાવીને હુકમ કર્યો કે, 'સત્વર એવી ચિત્રસભા કરાવો.' રાજાની આજ્ઞા થતાંજ મંત્રીએ તે આજ્ઞા શિરપર ચડાવી દીધી, વિસ્તારવાળી અને મનોહર વિવિધ પ્રકારની રચનાથી સુશોભિત એક મોટી સભા તૈયાર કરાવી. તે પછી રાજાએ વિમલ અને પ્રભાસ નામના બે ચિત્રકારોને બોલાવીને કહ્યું, "ચિત્રકારો, તમે બંને ચિત્રના કામમાં નિપુણ છો, માટે એક આ સભાને ચિત્રવાળી કરો, તેમાં સભાનો અર્ધ ભાગ વિમલ ચિતરે અને અર્ધ ભાગ પ્રભાસ ચિતરે," એમ કહી તેમને અર્ધ અર્ધ ભાગ વહેંચી આપ્યો. પછી તેની મધ્ય ભાગે એક પડદો બાંધી રાજાએ તેમને સૂચના આપી કે "તમારે કોઈ કોઇનાં ચિત્રો જોવાં નહિ, તમે પ્રત્યેક તમારી બુદ્ધિ પ્રમાણે તેમાં ચિતાર કામ કરો."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજાની આવી આજ્ઞા થતાં તે બંને ચિત્રકારો એક બીજાની સ્પર્ધાથી પોતપોતાના ભાગમાં ચિત્રકામ કરવા લાગ્યા. એવી રીતે ચિત્રકામ કરતાં તેમને છ માસ વીતી ગયા. તે પછી ચિત્રકામ જોવાને આતુર એવા રાજાએ તે બંનેની પાસે આવી ચિત્રકામ પૂર્ણ કરવા માટે પુછયું. આ વખતે વિમલે કહ્યું, "સ્વામી, મેં મારો ભાગ પૂરો કર્યો છે, તે આપ જુઓ." રાજાએ તેમાં પ્રવેશ કરી જોયું, ત્યાં વિચિત્ર પ્રકારના ચિત્રોથી અદ્ભુત એવા તે ભૂમિભાગને જોઈને રાજા સંતુષ્ટ થઇ ગયો. તત્કાળ રાજાએ વિમલને ઘણું દ્રવ્ય તથા વસ્ત્રાદિકનું ઈનામ આપી તેની ઉપર મહાન્ પ્રસાદ કર્યો. તે પછી રાજાએ પ્રભાસને પૂછયું, ત્યારે પ્રભાસે કહ્યું કે, મેં તો હજી ચિત્રનો આરંભ પણ કર્યો નથી, માત્ર હજુ ભૂમિ સંસ્કાર કર્યો છે. એટલે ચિતરવાની ભૂમિને શુદ્ધ કરી છે. કારણ જો ભૂમિને બરાબર શુદ્ધ કરી હોય તો તે પર ચિતાર કામ ઘણુંજ શોભી ઉઠે છે. પછી રાજાએ તે ભૂમિ સંસ્કાર કેવો કર્યો હશે તે જોવાને માટે વચમાં રાખેલા પડદાને દૂર કરાવ્યો. તેવામાં તે ભૂમિની અંદર ઘણું રમણીય ચિત્રકામ થયેલું જોવામાં આવ્યું. તે જોઈ રાજાએ કહ્યું,—"અરે પ્રભાસ, તું શું અમને પણ ઠગે છે? અહિં તો સાક્ષાત્ ચિત્રકામ દેખાય છે." પ્રભાસે કહ્યું "મહારાજ, એ સાક્ષાત્ ચિત્રો નથી પણ આ સામેના ભાગના ચિત્રોના પ્રતિબિંબોનો સંક્રમ થયેલો છે." તેના આ વચનો સાંભળી રાજાએ ફરીવાર તે પદડો બંધાવ્યો, એટલે માત્ર એકલી ભૂમિ જોવામાં આવી. આથી રાજાએ વિસ્મય પામીને પુછયું, "ચિત્રકાર, તેં આવા ભારે સંસ્કારવાળી ભૂમિ કેમ રચી?" પ્રભાસ બોલ્યો, "સ્વામી, આવી ઉજ્વલ ભૂમિ ઉપર ચિત્રકામ ઘણું સરસ થાય છે. ચિતરેલી મૂર્તિઓના રંગની કાંતિ અધિક શોભે છે અને તે પર આલેખેલા રૂપ બહુજ દીપી નીકલે છે, જેથી પ્રેક્ષકોના હૃદયમાં આબેહુબ ભાવનો ઉલ્લાસ થઇ આવે છે." પ્રભાસ ચિત્રકારના આ વચનો સાંભળી રાજા તેની વિવેકવાળી કુશળતા ઉપર હૃદયમાં સંતુષ્ટ થઈ તેને ઈનામ આપી તેની ઉપર પ્રસાદ કર્યો. અને તેને કહ્યું કે, "મારી આ ચિત્રસભા જે પ્રકારની શોભાવાળી થઇ છે તે અપૂર્વ પ્રસિદ્ધિ પામી એવીને એવી કાયમ રહો."

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**એકથાનો ઉપનય.** સાકેતપુર નગર તે આ મહાન સંસાર સમજવો. મહાબળ રાજા તે સમ્યક્ પ્રકારે ઉપદેશ આપનાર આચાર્ય સમજવા. જે સભા તે મનુષ્ય ગતિ સમજવી.. જે ચિત્રકાર તે ભવ્ય જીવ જાણવો. જે ચિત્રશાલાની ભૂમિ તે આત્મા અને તે ભૂમિનો જે સંસ્કાર તે સમ્યકત્વ જાણવું. અને ચિત્ર તે ધર્મ સમજવો. જે અનેક પ્રકારના ચિત્રો તે પ્રાણાતિપાતની વિરતિ વગેરે વ્રતો જાણવા. ચિત્રોને દિપાવનારા ઉજ્વલ પ્રમુખ વર્ણો તે ધર્મને શોભાવનારા અનેક પ્રકારના નિયમો જાણવા. અને ભાવનો ઉલ્લાસ તે વીર્ય સમજવું.

આ ઉપરથી એ ઉપદેશ લેવાનો છે કે, પ્રભાસ ચિત્રકારની જેમ પંડિત પુરૂષોએ આત્મારૂપ ભૂમિને નિર્મલ કરવી કે જેથી તે આત્મભૂમિ ઉજ્વલ ક્રિયારૂપ અનેક પ્રકારના ચિત્રોની અદ્ભૂત શોભાને ધારણ કરે છે, જે શોભા આ જગતને વિષે અનુપમ ગણાય છે. આ પ્રભાસના દ્રષ્ટાંતથી સર્વ ધર્મ કાર્યોને વિષે સમ્યકત્વનું પ્રધાનપણું દર્શાવ્યું છે. હવે સમ્યકત્વના બીજા સડસઠ ભેદો કહેવામાં આવશે.

અપૂર્ણ.

---

# "જૈનદર્શન અને તેનું સંક્ષિપ્ત દિગ્દર્શન"

(ગતાંક પૃષ્ટ ૧૧૭ થી શરૂ.)

## ઉપસંહાર.

પ્રિય વાંચક ગણ,

જૈનદર્શનના ચારે અનુયોગનું સ્વરૂપ સંક્ષિપ્ત પણે પૂર્ણ કરવામાં આવેલું છે. અવાંતર જૈનેતર દર્શનોના સિદ્ધાંતોની સરખામણી ક્રમશઃ થયેલી છે. જૈનદર્શન કે જેમાં અનંત પ્રાણી પદાર્થોનું જ્ઞાન સમાયેલું છે તેને ટુંકમાં કહીબતાવવું એ માત્ર મહાસાગરમાંથી એક બિંદુ પૃથ્વી ઉપર મૂકવા બરાબર છે. સંક્ષિપ્તપણે દર્શાવતાં અનેક પ્રકારે વસ્તુસંકલના અપૂર્ણ રહેલી હશે, એટલુંજ નહિ પરંતુ અનેક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થૂલ સૂક્ષ્મ રહસ્યોનું આવાહન પણ નહીં થયું હોય તેમજ વસ્તુ તત્ત્વની પ્રરૂપણા ઉલટી રીતે બનેલી હોય, આ સર્વને માટે મિથ્યાદુષ્કૃત દઈ ઉપસંહાર કરતાં જૈનદર્શનને અંગે તેની જનસમૂહમાં સર્વ સામાન્ય પરિસ્થિતિ પરત્વે બે બોલ લખવામાં આવે છે તે અપ્રાસંગિક નહીંજ ગણાય.

જૈન દર્શનના બાહ્ય અને અંતરંગ સ્વરૂપનો વિવેક કરતાં તેનું અખિલ અંગ અખંડ બને છે. બાહ્ય સ્વરૂપ કે જેને પ્રાકૃત પ્રાણીઓ તત્કાળ ગ્રહણ કરી શકે છે તે પણ એવી સુંદર મર્યાદામાં સંકલિત થયેલું છે કે તે અન્ય દર્શનોના બાહ્ય સ્વરૂપને લૌકિક કોટિમાં મૂકી, તેનાથી અતીત થઈ લોકોત્તર કોટિમાં સ્વયમેવ પ્રવેશ કરે છે. દૃષ્ટાંત તરીકે શ્રાવક અને મુનિઓનો આચાર કે જે જૈન દર્શનનું બહિરંગ સ્વરૂપ છે તેનું પૃથક્કરણ કરીએ, ત્યારે એક શ્રાવકનો આખો દિવસ કેવી સુંદર ભાવનામાં વ્યતીત થવો જોઈએ અને મુનિનો આખો દિવસ કેવી સુંદર ક્રિયાઓમાં પ્રવૃત્તિ પામી નિવૃત્ત થવો જોઈએ તે ગ્રંથોમાં વિસ્તાર પુરઃસર દર્શાવાયલું છે. એક શ્રાવક તરીકે હિંસાથી સ્થૂળ પ્રમાણમાં નિવૃત્ત થવું, અસત્ય તજી વાસ્તવિક સત્યનો અંગીકાર કરવો, રાત્રિ ભોજનથી વિરમવું, મધ અને માખણાદિ અભક્ષ્યથી દૂર રહેવું વિગેરે શ્રાવકની પ્રવૃત્તિઓ તપાસતાં અન્ય દર્શનના બાહ્ય સ્વરૂપથી પણ અનેક દરજ્જે ઉત્કૃષ્ટપણે વર્તે છે. અધિક માસની અંદર અમુક દર્શનના સવારમાં ઘણા વહેલા નદી તીરે સ્નાન કરવા જતા ભકિત માર્ગાવલંબી પુરૂષો અને સ્રીઓના બાહ્ય સ્વરૂપની બારીકીઓ તપાસતાં અતિ તુચ્છ અને સામાન્યથી પણ સામાન્ય અનુભવવામાં આવશે, વળી તેવાજ ઇતર દર્શનના ભકતો લીલાનું અનુકરણ કરતાં કેવી શોચનીય સ્થિતિમાં આવી પડેલા છે, અને પડે છે તે જરા વધારે ઉંડું નિરીક્ષણ કરતાં ખબર પડશે. કહેવાતા સાધુઓ કે જેઓ કાંચન અને કામિનીના સંયોગથી જુદા નથી, તે કઇ રીતે ભકતજનોને નિઃસ્પૃહી બનાવી શકે! વળી કોઈ અમુક દર્શનીયોના સાધુઓ એવા છે કે જેઓ પરિગ્રહ રહિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણે વિચરે છે, તેઓનું અંતરંગ સ્વરૂપ હિંસાદિવાળું હોવાથી હિંસાનું વાસ્તવિક સ્વરૂપ સ્વાનુભવગમ્ય નહીં હોવાથી, હાથી વિગેરેના માંસથી પોતાની જીવનવૃત્તિને સદોષ બનાવેછે અને એ રીતે બહિરંગસ્વરૂપ શુદ્ધ અને સાત્વિક હોય નહિ તેમાં આશ્ચર્ય જેવું કશું જ નથી. જે જે દર્શનોના નેતાઓ જેટલા પ્રમાણુમાં શુદ્ધ આચરણુવાળા, સત્યમાર્ગને અનુસરનારા, વાસ્તવિક સાધ્યનું અવલંબન કરનારા હોય છે તેટલા પ્રમાણુમાં તેમનો અનુયાયિવર્ગ સત્યમાર્ગમાં ટકી રહેલો હોય છે. જૈન દર્શનમાં મહાત્માની પ્રતિમા કે જેના ઉપર ધર્મનુંજ મોટે ભાગે અવલંબન રહેલું છે તે કેવી સૌમ્ય આકૃતિવાળી અને નિરીક્ષકના હૃદયને ઉલ્લાસાયમાન કરનારી છે. જ્યારે અન્યદર્શનોમાં કહેવાતા મહાત્માઓની પ્રતિમાઓ ઈતર આકૃતિવાળી દેખાય છે,કે જે વડે તેનું સેવન કરનારના હૃદયમાં તેવાજ ઇતર ભાવોને મુદ્રિત કરાવે છે કે જે ન્યાયની કોટિમાં આવી શકતા નથી.

દેવ ગુરૂ અને ધર્મ એ મુક્તિના બાહ્ય અંગરૂપ હોવાથી તે બાહ્ય અંગ ન્યાયદૃષ્ટ્યા તદન શુદ્ધ અને નિર્મળ હોવું જોઈએ. જૈનદર્શનના આ બાહ્ય અંગોમાં કોઇ પણ જાતિના દૂષણનો આક્ષેપ આવી શકતો નથી એ તત્રકથિત સ્વરૂપથી અનેક પ્રકારે દૃષ્ટિગોચર થાય છે. અન્યદર્શનોના આ ત્રણ બહિરંગોમાં આકૃતિ, સ્વભાવ, ગુણ દોષ, પરીક્ષા, પરિસ્થિતિ, રહેણી કરણી વિગેરે તપાસ કરતાં સદોષ અને સત્યમાર્ગથી ચ્યુત દેખાઇ આવે છે તે તેમના શાસ્ત્રીય બાહ્ય સિદ્ધાંતોમાંથી પુરવાર થાય છે.

**अहिंसा परमोधर्मः** સૂત્રાનુયાયિ જૈનદર્શનને આક્ષેપ કરતી મીસીસ એનીબીસેંટ કહે છે કે 'જૈનો પાણીને અશાસ્ત્રીય રીતે ઉકાળે છે' પરંતુ લૌકિક નીતિ રીતિના સંસ્કારવાળી તે સ્ત્રીને લોકોત્તર સંજ્ઞા કેમ ગ્રાહ્ય થઇ શકે! જૈન દર્શન તેને નીચે પ્રમાણે ઉત્તર આપે છે 'મારા અનુયાયિઓને સંયમનું પાલન કરવાને માટે ઈંદ્રિય નિગ્રહની સૌથી પહેલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરૂર છે. લગામ છોડી દેવાથી ઉન્મત્ત થયેલા ઈંદ્રિય રૂપ અશ્વોનો વિકારવેગ ઓછો કરવાને માટે ઉષ્ણુ પાણી એ પ્રબળ સાધન છે. આ બાહ્ય સાધનથી ધ્યાન અને પ્રાણાયામાદિક આંતર્ સાધનો ઘણી જ સરળતાથી આત્માને લભ્ય થાય છે. [ શરીર સુધારકો (ડાકટરો) પણ કેમીકલી રીતે પૃથક્કરણ કરતાં ગરમ કરેલું પાણી પ્રાણીને સાત્વિક પ્રકૃતિવાન બનાવે છે તેમ કહે છે] આ હકીકત પ્રાસંગિક છે. આથી આત્મજય પ્રાપ્ત કરાવનાર અને પૌદ્ગલિક વાસનાઓનું દમન કરનાર તરીકે ગરમ કરેલું પાણી પ્રબળ કારણ છે; તે સાથે અમારી સૂક્ષ્મ સૃષ્ટિમાં સર્જિત થયેલી હકીકત એ છે કે જળમાં એકેંદ્રિય જીવોના જન્મ મરણનો વ્યાપાર સમયે સમયે થયાંજ કરે છે. તે પ્રાકૃત પ્રાણીઓથી અદૃશ્ય છે. તે વ્યાપાર પાણીને ઉકાળીને પીવાથી અટકી જાય છે અને બહોળા પ્રમાણમાં થતી ઉત્પત્તિ વિનાશરૂપ પ્રવૃત્તિ નિવૃત્તિનો માર્ગ બંધ પડે છે. સ્યાદ્વાદમય મારૂં સ્વરૂપ હોઇ નફા ટોટાના સરવૈયા સાથે આ હકીકત ન્યાય અને યુક્તિ પુરઃસર છે એમ કહેવું બીલકુલ વાંધા વગરનું છે.

જૈનદર્શનનું અંતરંગ સ્વરૂપ કે જે તેનું તત્ત્વ સ્વરૂપ છે તેને ચાલુ જમાનાની વૈજ્ઞાનિક ( Scientific ) શોધ પ્રમાણે તપાસ કરવામાં આવે તો તે જનસમૂહને ઘણીજ સરળતાથી ગ્રાહ્યમાં આવી શકે તેમ છે. જેમકે ઓકસીજન અને હાઇડ્રોજનના સંયોગથી પાણી ઉત્પન્ન થાય છે તેમ આધુનિક વિજ્ઞાન શાસ્ત્ર માને છે અને તે પ્રત્યક્ષપણે સત્ય બતાવે છે. જૈનદર્શન કે જેના પ્રણેતા સર્વજ્ઞ છે. તે પણ કહે છે કે **वायुर्योनिरापः** 'પાણી એ પવનમાંથી ઉત્પન્ન થાય છે' આ રીતે અનેક બારીક હકીકતો જે પ્રત્યક્ષ પ્રકટ થઇ અત્યારે જનસમૂહને આશ્ચર્યમાં ગરકાવ કરી મૂકે છે. તેની ઘણા વર્ષો પહેલાં સર્વજ્ઞોવડે જૈનદર્શનમાં સંકલના થયેલી છે, એમ ખાત્રીબંધ પુરવાર કરનારા જૈન વિદ્વાનો નીકળી આવવાની જરૂર છે. આ કાર્ય ગ્રેજ્યુએટની પદવી પ્રાપ્ત કરનારા જૈન બંધુઓએ શાસ્ત્રાભ્યાસદ્વારા સિદ્ધ કરવાને પ્રયત્નશીલ થવું જોઇએ. પરંતુ અફસોસ છે કે ગ્રેજ્યુએટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થનારવર્ગ હરેક કોઇ પ્રકારે આજીવિકા પ્રાપ્ત કરવામાં મશગુલ હોવાથી ધાર્મિક તત્ત્વોની જ્ઞાનપ્રાપ્તિમાં પ્રમાદી અને સુસ્ત રહે છે, અથવા તત્પ્રતિ અભાવ બુદ્ધિવાળા હોય છે.

જૈનદર્શનાનુયાયિ ગૃહસ્થોને માટે ઉત્તમ પ્રકારના આચારો શાસ્ત્રમાં નિરૂપણ થયેલા છે. પરંતુ અત્યારે આ ગૃહસ્થો મોટા વિભાગમાં તદનુકૂળ પ્રવૃત્તિ કરતા નથી એ જોઇ બુદ્ધિમાન મનુષ્યોનું હૃદય ખિન્ન થયા વગર રહેતું નથી. ગૃહસ્થોના સ્વામીવચ્છલ, જ્ઞાતિભોજન, વરા આદિ પ્રસંગોમાં તેમની ભોજન કરવાની રીતભાત, તેમના પાત્રોની શુદ્ધાશુદ્ધતા, તેમની ઉચ્છિષ્ટ મૂકવાની ટેવો અને ઉચ્છિષ્ટ ભોજન અને પાણીની સાંયોગિક સ્થિતિ, આ સર્વ તપાસતાં શુદ્ધ આચારહીનપણું દેખાઇ આવે છે. આ ઉપરાંત ધાર્મિક કાર્યોમાં પણ કપટવૃત્તિ અને કીર્તિની લાલસા, તેમજ વ્યાપારદ્વારા અર્થ સાધનમાં બેહદ અપ્રમાણિકપણું, નોકરીના પ્રસંગોમાં ચોરી, ન્યાયાધીશપણામાં પ્રમાણિક રહિતપણું, વકીલાતના પ્રસંગોમાં અસત્ય મુકરદમાનું સમર્થન વિગેરે અનેક પ્રમાણોમાં એક શ્રાવકને યોગ્ય આચાર ભુલી જવામાં આવે છે અને શ્રીમદ્ હરિભદ્રસૂરિના કહેલા વચનો **न्यायोपार्जितं वित्तं उत्तय लोक हितायतत्** માત્ર પુસ્તકમાં જ રાખવામાં આવેલા છે. આ પ્રકારે જે શાસ્ત્રનું અંતરંગ સ્વરૂપ ઉચ્ચતર છે તેના અનુયાયિઓનું બહિરંગ સ્વરૂપ તપાસતાં મોટે ભાગે નિરાશાજનક લાગે છે. જો કે હજી લૌકિક શાસ્ત્રોના બહિરંગ સ્વરૂપ કરતાં કહેવાતી સારી સ્થિતિ છે. પરંતુ તેવીજ અથવા તેથી અધમ સ્થિતિ ધીમે ધીમે કેમ ન થઇ જાય એવી ભીતિ સુજ્ઞ જનો તરફથી રાખવામાં આવે છે એ સવેળાની ચેતવણી છે. આમ હોવાથી દરેક શ્રાવક પોતાના બાહ્યાચાર અથવા વર્તનમાં શાસ્ત્રાનુકૂળપણે શુદ્ધ હોવોજ જોઇએ.

કુસંપની વૃદ્ધિ એ પણ બાહ્યાચારની ચ્યુતાવસ્થા છે. જૈન કોન્ફરન્સ કે જે ભવિષ્યમાં હિતકર્ત્રી નીવડશે એવી આશાજનક હતી તે અટકી જવાનું કારણ કુસંપ શિવાય અન્ય નથી. કલેશ અને વાદ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિવાદોમાં સમય ગાળી અનેક મનુષ્યો આ ટુંકું આયુષ્ય પુરૂં કરી ચાલતા થયા છે અને થાય છે. આમ હોવાથી જેટલો સમય કલેશમાં પસાર થાય છે તેટલો અન્ય શુભ કાર્યોની પ્રવૃત્તિઓમાં ઉપયોગ કરવામાં આવે તો પોતાનું તો એકાંત હિતજ થાય છે. અને બીજાના હિતની આશા બંધાય છે.

કુસંપના બીજકલેશથી આવા ઉત્તમોત્તમ જૈન દર્શનના પણ વિભાગો પડી ગયેલા છે. દિગંબર, શ્વેતાંબર અને સ્થાનકવાસી એ ત્રણ ભાગ છે. આ ત્રણેમાં બાહ્યાચારની માન્યતામાં ઘણો તફાવત પડી ગયેલો છે. તેમજ તત્વોમાં પણ ભિન્નતા અમુક અમુક અંશે છે. દિગંબર વિભાગની અમુક હકીકત અત્યારના જમાનાને માટે તદન પ્રતિકૂળ છે. નગ્નપણે વિહાર કરી જિનકલ્પીપણું આદરવું એ અત્યારના પ્રાણીઓની શકિતથી અતીત છે. મૂર્તિનિષેધક વર્ગ કે જે સ્થાનકવાસી કહેવાય છે તેઓને મૂર્તિદ્વારા અલક્ષ્ય સ્વરૂપની ઉત્પત્તિ અને તેના લાભની ખબર નથી. પોતપોતાના આચાર્યો વડે થયેલી તત્વોની ભિન્નતાથી જુદા પડી ગયેલા આ ત્રણ સંપ્રદાયો એક થઈ જાય એ બનવું અસંભવિત છે.

દ્રવ્યાનુયોગને અંગે જૈનોમાં અનેક પ્રકારે અપૂર્ણતા પ્રાપ્ત થયેલી છે. આપણી પ્રતિક્રમણ જેવી ઉત્તમક્રિયા, પ્રભુપૂજન જેવી ઉત્તમ ભક્તિ, પાત્ર અનુકંપા વિગેરે દાનોમાં પ્રવૃત્તિ. આ સર્વ મુખ્ય ભાગે વસ્તુતત્વને યથાર્થ જાણ્યા વગર આદરવામાં આવે છે. પ્રતિક્રમણની ક્રિયા કરનારા મનુષ્યોનો મોટો ભાગ તેના અર્થસૂચક પદોથી અજાણ હોય છે અને માત્ર મુખેથી પઢી જવામાંજ સર્વસ્વ પ્રાપ્ત થયેલું માને છે. અરે! મુખપાઠ પણ બહોળે ભાગે અશુદ્ધ હોય છે; જ્યાં દ્રવ્ય પ્રતિક્રમણની હજુ અપ્રાપ્તિ છે ત્યાં ભાવ પ્રતિક્રમણની પ્રાપ્તિ કેવી રીતે હોઈ શકે! પ્રભુ પૂજનની ક્રિયામાં દરેક ક્રિયાનો અર્થસૂચક ભાવાર્થ સમજવો જોઇએ. જ્ઞાન વગરની ક્રિયા કરનારા પ્રાણીઓ ઘાંચીના બળદોની પેઠે માત્ર કષ્ટ કરે છે, પણ છે તેવીને તેવીજ સ્થિતિમાં રહે છે દ્રવ્યપૂજામાં સંસ્કારી થયેલા પ્રાણી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ ભાવપૂજામાં આગળ વધવાની જરૂર છે. વાસ્તવિક જ્ઞાન સાથે ધાર્મિક ક્રિયાનું સંમેલન કરી તે તે ક્રિયાઓમાં પ્રવૃત્તિ કરવાની જરૂર છે. આપણી સર્વ ધાર્મિક ક્રિયાઓ અર્થસૂચક હોવાથી તેમના ભાવાર્થને જાણવાની જરૂર છે. દૃષ્ટાંત તરીકે એક ચોખાનો સાથીઓ પ્રભુ પાસે કરતાં સંસારની ચાર ગતિની ભાવના મનન કરવાની છે, પ્રભુની ત્રણ પ્રદક્ષિણા દેતાં રત્નત્રયની ભાવના અંગીકાર કરવાની છે. જે જે ક્રિયાઓ કરવામાં આવે તે સર્વનો અર્થ બરાબર સમજી તદનુકૂળ પ્રવૃત્તિ કરવા વડે સાધ્યની પ્રાપ્તિ થાય છે. આત્માર્થ ભણી લક્ષ રાખી ક્રિયાઓ કરાય તોજ અંતિમ લક્ષ્ય પમાય છે; માટે શૂન્યપણે થતી ક્રિયાઓમાંથી મુક્ત થઈ ક્રિયાઓને દ્રવ્યાનુયોગ રૂપ જ્ઞાનના સંસ્કારોમાં વણી દેવી જોઈએ. આમ કરવાથી **ज्ञानक्रियाभ्याम् मोक्षः** એ સૂત્ર વાક્યાનુસાર ઈષ્ટસિદ્ધિ નજીકમાં આવે છે.

ગણિતાનુયોગમાં પ્રવૃત્તિ કરનારા ઘણાજ ઓછા મનુષ્યો વર્તમાન સમયમાં દૃષ્ટિગોચર થાય છે. કેટલાએકને તે ( પોતાની અનિપુણ બુદ્ધિ હોવાને લીધે ) મગજને કંટાળા ભરેલું લાગે છે, અને કેટલાક તે વિષયમાં પ્રવૃત્તિ કરતાજ નથી. આપણામાં અત્યારે જ્યોતિર્વિદ્યાની જે ખામી જણાય છે તે આ અનુયોગભણી ઓછી પ્રીતિ હોવાને અંગે છે.

કથાનુયોગ વાંચવા અને સાંભળવામાં જૈનોનો મોટો ભાગ ઉદ્યમી રહેલો છે. કથાઓ એ ઘણીજ સરલતાથી ગ્રાહ્ય હોવાથી અને શ્રોતાઓના હૃદયમાં રસપૂર્ણ ચિત્રો આલેખન કરતી હોવાથી પ્રાકૃત જનો ઘણાજ રસથી તે વાંચે છે. પરંતુ આ કથાઓ વડે ઉત્તમ ચારિત્ર્ય બંધાય છે–ઉત્પન્ન થાય છે, એ ઘણાજ થોડા વિરલ મનુષ્યો સમજે છે. કથામાં આનંદ માની તે સાંભળી બેસી રહેવાનું નથી પરંતુ તેના ગુણદોષની પરીક્ષા કરી આત્માની સાથે તોલન કરવાની આવશ્યકતા છે.

ચરણકરણાનુયોગ એ પૂર્વ ત્રણ અનુયોગોનું રહસ્ય છે. ત્રણ અનુયોગો રૂપત્રિપુટીમાંથી આનો જન્મ થાયછે. અર્થાત્ દ્રવ્યાનુયોગ વિગેરેથી પ્રાપ્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરેલું જ્ઞાન ત્યારેજ સાર્થક છે કે જ્યારે પ્રાણીને તે ચરણકરણાનુયોગમાં પ્રવૃત્તિ શીલ કરે. કેટલાક કહેવાતા અધ્યાત્મીઓ ગૃહસ્થલિંગમાં આરંભ સમારંભમાં પ્રવૃત્ત હોવા છતાં પોતાને જ્ઞાનગરિષ્ઠ માની ગૃહસ્થને યોગ્ય આચારથી પણ શિથિલ થઇ અભક્ષ્ય ભક્ષણ અને રાત્રી ભોજન કરતાં અચકાતાં નથી, તેમજ ( આત્મા સર્વોત્કૃષ્ટ છે ) એવા શાસ્ત્ર વચનોને પોતાની માન્યતા મુજબ અંગીકાર કરી જનસમૂહમાં પોતાને સર્વમાન્ય કહેવરાવે છે; અન્ય દર્શન સ્થિત મનુષ્યો જેમ એકાંતવાસી હોવાથી શુદ્ધ સ્વરૂપને પામી શકતા નથી તેમ જૈનદર્શન સ્થિત તરીકે કહેવાતા આ મનુષ્યો પણ એકાંતગ્રાહી હોવાથી શુદ્ધસ્વરૂપથીવેગળાજ છે એમ શાસ્ત્ર પુરવાર કરી આપે છે. ચરણકરણાનુયોગના વિષયને અંગે કહેવામાં આવેલું છે કે આ અનુયોગ એ જૈનદર્શનનું હૃદય છે.આ હૃદય વગર પુરૂષાર્થહીન જીવનની પેઠે દ્રવ્યાનુયોગ કે જેમાં ઉચ્ચ તત્ત્વજ્ઞાનનો ખજાનો છે તે વન્ધ્યા સુત[1] શેખર તુલ્ય છે. કોઇ પણ સંપ્રદાયની નિંદા કરવી એ કેવળ પોતાના આત્માને કર્મભાર વડે ભરવા તુલ્ય છે, પરંતુ પોતાનાથી બને તેટલી શકિત વડે અન્યસિદ્ધાંતોની તુલના જૈન સિદ્ધાંતો સાથે કરી ગુણદોષરૂપ ત્રાજવાં વડે તોળી ઉપાદેય વૃત્તિ પ્રાપ્ત કરવી જોઇએ જેથી સ્વસ્થિતિ ચ્યુત નહીં થતાં પરને માટે આશાજનક ઉપકાર ઉદ્ભવે છે. મતસહિષ્ણુતા આ પ્રસંગમાં રાખવાની અનિવાર્ય આવશ્યકતા છે. તોજ સિદ્ધિ પર્યંત પરિણામવાળી થઇ શકે છે. અત્ર પ્રસ્તુત લેખ ઉપસંહરવામાં આવે છે, અને પુરૂષાર્થ સિદ્ધયુપાય અને યોગશાસ્ત્રના આ ઉત્તમ દર્શનની પ્રશંસા સૂચક બે શ્લોક ટાંકી પૂર્ણ કરવામાં આવે છે.

एकेनाकर्षन्ती श्लथयन्ती वस्तुतत्त्वमितरेण ।
अन्तेन जयति जैनी नीति मंथान नेत्रमिव गोपी ॥१॥
जिन धर्म विमुक्तोऽपिमाऽभूवं चक्रवर्त्यपि ।
स्यां चेटोऽपि दरिद्रोऽपि जैन धर्माधिवासितः ॥ २ ॥

૧ વન્ધ્યાના પુત્રને માટે મોરપીંછની કલગી બનાવવી તે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" વલોણાની વિલોવનારી ગોવાલણીની પેઠે જૈન દર્શનની સ્યાદ્વાદનોતિ ( નિશ્ચય વ્યવહાર રૂપ ) વસ્તુના સ્વરૂપને એક સમ્યગ્ દર્શનથી પોતાની તરફ ખેંચે છે, બીજી વખત સમ્યગ્ જ્ઞાનથી ગ્રહણ કરે છે અને સમ્યક્ ચારિત્રથી સિદ્ધરૂપ માખણ કાર્ય ઉત્પન્ન કરે છે."

" જૈન દર્શનથી રહિત ચક્રવર્તિપણું મારે જોઇતું નથી પરંતુ જૈન ધર્મ વાસના વાસિત થયા પછી ભલે દાસત્વ અથવા નિર્ધનપણું પ્રાપ્ત કરૂં તોપણ મને તેમાં ઉત્કૃષ્ટ આનંદ છે. "

( સંપૂર્ણ. )

# ધર્મપરીક્ષા

પૂર્વકાલે આર્ય પ્રજામાં ધર્મની પરીક્ષા સારી રીતે થતી હતી. જે ધર્મ સર્વ રીતે શુદ્ધ હોય, જેમાં બાહ્ય અને અંતર ક્રિયા નિર્દોષ હોય, તેવા ધર્મની ભાવનાને અંગીકાર કરવાને આર્ય પ્રજા લલચાતી હતી. ઘણો સમય થયા આ આર્યાવર્ત્ત ઉપર અનેક ધર્મ ભાવના ચાલી આવે છે, જયારે ઘણાં ધર્મો પ્રવર્ત્તતા, ત્યારે શુદ્ધ ધર્મ કયો હશે ? તેને માટે વિદ્વાનો અને વિવેકી બુદ્ધિમાન પુરૂષો તેની પરીક્ષા કરતા હતા.પરીક્ષા કર્યા પછી જે શુદ્ધ ધર્મ લાગે તેનો અંગીકાર કરતાં અને અંગીકાર કરાવતા હતા. જે પુરૂષો સામાન્ય બુધ્ધિવાલા હોવાથી ધર્મની પરીક્ષા કરવાને અસમર્થ હતા, તેઓ બીજા વિદ્વાનોને પછતાં અને તેમની સંમતિ મેળવી જે ધર્મભાવના ઉચ્ચ પ્રકારની હોય, તેનો સ્વીકાર કરતા હતા. આજકાલ એ પ્રવૃતિનો લોપ થયો છે. લોકો ગાડરીઆ પ્રવાહની પેઠે ધર્માચરણમાં પ્રવર્તે છે. કયો ધર્મ શુધ્ધ છે ? અને સર્વોત્તમ છે ? તેને માટે વિચાર કરનારા ઘણાં થોડા હોય છે. જે ધર્મ પ્રાચીન હોય તેને માટે કદિ પરીક્ષા કરવાની જરૂર ન પડે પણ સાંપ્રત કાલે એવા અનેક નવા નવા નવા ધર્મો પ્રવર્તેલા છે કે, જેમની અંદર આચાર, વિચાર, ક્રિયા અને તત્ત્વોનું સ્વ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપ વિપરીતઅને બાધિત જોવામાં આવે છે,એટલુંજ નહીંપણ કેટલીએક ક્રિયાઓ અને આચરણો પાપથી ભરેલી અને હાસ્યપ્રદ દેખાય છે, તેવા ધર્મોને પણ માન આપનારા લોકો ઘણી સંખ્યામાં હોય છે. કેટલાએક તો જે કુલમાં જન્મ થયો હોય, તે કુળના ધર્મને ઉત્તમ માની તે પ્રમાણે વર્ત્તે છે. જો કે એ રીતિ બીજાની અપેક્ષાએ સારી છે, તથાપિ બુદ્ધિમાન્ પુરૂષે કેવળ સંપ્રદાય મોહ રાખી કુલ ધર્મ દૂષિત હોય તો તેનો ત્યાગ કરવો અથવા વસ્તુતાએ ધર્મ શુદ્ધ હોય પણ પાછળથી દૂષિત થયો હોય તો તેના દોષો દૂર કરી તેને શુદ્ધ કરવો. કહેવાનો આશય એ છે કે, ધર્મની યથાર્થ પરીક્ષા કરી તેનો અંગીકાર કરવો જોઇએ.

હવે તે ધર્મની પરીક્ષા કેવી રીતે થાય ? અને ધર્મની શુદ્ધિ શી રીતે જણાય ? તેને માટે અનેક રીતિઓ પ્રચલિત છે. મહાજ્ઞાનીઓ તો ત્રિકાલજ્ઞ હોવાથી ધર્મની પરીક્ષા સ્હેલાઇથી કરી શકતા હતા. પણ જેઓ તેવું જ્ઞાન ધરાવતા ન હોય, તેઓને ધર્મની પરીક્ષા કરવામાં અનેક રીતિઓ ગ્રહણ કરવી પડે છે. વ્યુત્પન્ન થયેલા વિદ્વાનો પોતાની તાર્કિક બુદ્ધિના બળથી ધર્મની પરીક્ષા કરી શકે છે, પણ જેઓ પૂર્ણ વ્યુત્પત્તિને પ્રાપ્ત થયેલા ન હોય તેમણે ધર્મની શુદ્ધિનું યથાર્થ પરીક્ષણ કરવું, તે મુસ્કેલી ભરેલું છે; તેને માટે મહાનુભાવ પ્રદ્યુમ્નાચાર્યે ધર્મની પરીક્ષા કરવાની એક ઉત્તમ રીતિ દર્શાવી છે, તે આ સ્થળે વાચકોને ઉપયોગી થયા વિના રહેશે નહીં.

એક વખતે મહાનુભાવ પ્રદ્યુમ્નાચાર્ય શિષ્યોના પરિવાર સાથે ભારતભૂમિ ઉપર વિચરતા હતા. તેઓ વિચરતા વિચરતા કોઇ એક નગરની બાહેર ઉદ્યાનમાં આવ્યા, તેવામાં કોઇ એક બુધ્ધિમાન ગૃહસ્થ તેમને વંદના કરવાને આવ્યો, તે ગૃહસ્થ ' કયો ધર્મ પાળવો તેને માટે શંકિત હતો તે અનેક ધર્મ ગુરૂઓને પુછયા કરતો, પણ કોઇ તરફથી તેને સંતોષકારક જવાબ મળતો નહોતો. તેના હૃદયની ધાર્મિક શંકાને કોઇ પણ પરાસ્ત કરી શકતું નહતું. તે શંકિત પુરૂષ પ્રદ્યુમ્નાચાર્યને વંદના કરી બોલ્યો " મહાત્મન્ , હું ઘણા ધર્મ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરૂઓને મલ્યો, પણ કોઈએ મારી શંકા દૂર કરી નહીં. સર્વે પોત પોતાના ધર્મની શુધ્ધિ અને ઉત્તમતા બતાવતા હતા. કોઈએ પોતાનો નિષ્પક્ષપાત વિચાર બતાવ્યો નથી. તેથી મારા મનની શંકા દૂર થતી નથી. ક્યો ધર્મ ઉત્તમ ? તે મારા મનને નિશ્ચય થતો નથી. માટે આપ કૃપા કરી ધર્મની પરીક્ષા કરવાનો ઉપાય બતાવો; જેથી હું ધર્મની પરીક્ષા કરવાને સમર્થ થાઉં અને તે પછી પરીક્ષામાં પ્રસાર થયેલા શુધ્ધ ધર્મને હું પ્રાપ્ત કરૂં. તે ગૃહસ્થનાં આવાં વચનો સાંભળી મહાનુભાવ પ્રદ્યુમ્નાચાર્યે તે પુરૂષને ધર્મની પરીક્ષા કરવાનો સરલ ઉપાય બતાવ્યો હતો, જે ઉપાય સર્વને મનન કરવા જેવો છે. મહાત્મા પ્રદ્યુમ્નાચાર્યે દંતકાંતિથી પ્રકાશ કરતાં જણાવ્યું કે, ભદ્ર, તમારી ઈચ્છા ઉત્તમ છે. ભવિ આત્માએ ધર્મની પરીક્ષા કરવાનો ઉપાય જાણવો જોઈએ. જેમ કસોટી, છેદ અને તાપથી સુવર્ણની ખરી પરીક્ષા થાય છે, તેમ ધર્મની પણ કસોટી, છેદ અને તાપ એ ત્રણ પ્રકારે પરીક્ષા થાય છે. ધર્મ રૂપી સુવર્ણની પરીક્ષા કરવાને માટે વિધિ, ક્રિયા અને તત્ત્વ–વાદ એ ત્રણ પ્રકાર કહેલા છે. તેમાં વિધિ એ ધર્મરૂપી સુવર્ણની **કસોટી** છે, ક્રિયા **છેદ** છે અને તત્ત્વવાદ એ **તાપ** છે. જે ધર્મ એ ત્રણ પ્રકારથી શુધ્ધ હોય છે, તે ધર્મ સર્વોત્તમ છે. હે પવિત્ર ધર્મની ઈચ્છા રાખનારા ભવિઆત્મા, તમે એ ત્રણ પ્રકારે ધર્મની પરીક્ષા કરી જોજો અને તે પરીક્ષામાં જે ધર્મ પ્રસાર થાય, તેને તમે અંગીકાર કરજો."

મહાનુભાવ પ્રદ્યુમ્નાચાર્યના મુખથી આ વચન સાંભળી તે ગૃહસ્થ હૃદયમાં સંતુષ્ટ થઈ ગયો. તેના હૃદયમાંથી શંકાનું અંધકાર ઓછું થઈ ગયું. તે પ્રસન્ન વદને બોલ્યો "ભગવન્" આપે જે ત્રણ પ્રકાર બતાવ્યા, તે મારા હૃદયમાં મનોજ્ઞ થઈ પડયા છે. મને હવે ખાત્રી થાય છે કે, ધર્મની પરીક્ષા કરવાને આપ એકજ સમર્થ છો. કોઈ પણ ધર્માચાર્યે આવી યુક્તિ બતાવી ન હતી. આપ મહાનુભાવ જે ધર્મને માનો છો, તે ધર્મની આપે ખરેખરી પરીક્ષા કરી હશે, માટે મારી ઈચ્છા પણ તેજ ધર્મને અંગીકાર કરવાની થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તોપણ આપે તે ધર્મની કેવી રીતે પરીક્ષા કરી છે ? અને વિધિ, ક્રિયા અને તત્ત્વવાદ રૂપી કસોટી, છેદ અને તાપમાં તમારૂં ધર્મ રૂપી સુવર્ણ કેવી રીતે શુધ્ધ થયેલ છે ? તે વાત કૃપા કરી જણાવો. ”

તે ગૃહસ્થના આ પ્રશ્નો સાંભળી મહાત્મા પ્રદ્યુમ્નાચાર્ય નીચે પ્રમાણે સુંદર પદ્યો બોલ્યા હતા.

धर्मः कषच्छेदतापैः शुद्धो ज्ञेयः सुवर्णवत् ।
सर्व प्राणातिपातादि पापस्थान निषेधनम् ॥
सद् ध्यानाध्यनादीनां विधिर्धर्म कषोमतः
बाह्य क्रिया कलापेन येनायं नैव बाध्यते ॥
शुध्दश्च जायते छेदः स धर्मकनके मतः ।
जीवादिभावावादो यो बंधमोक्ष प्रसाधकः ॥
स धर्मजातरूपेऽत्र ज्ञेयस्तापो मनीषिभिः ॥

**ભાવાર્થ**—સુવર્ણની જેમ કસોટી, છેદ અને તાપથી ધર્મની શુધ્ધિ થાય છે. સર્વ પ્રાણાતિપાત વગેરે પાપસ્થાનોનો નિષેધ અને શુભ ધ્યાન તથા સ્વાધ્યાય વગેરેનો વિધિ એ ધમની કસોટી કહેલી છે. જે બાહેરની ક્રિયાઓના સમુહથી ધર્મ બાધિત ન થાય, તેવી ક્રિયાઓએ ધર્મરૂપી સુવર્ણનો શુદ્ધ છેદ કહેલો છે. બંધ તથા મોક્ષને સાધનાર જીવાદિ તત્ત્વોનો વાદ એ ધર્મરૂપી સુવર્ણમાં તાપ રૂપ છે, એમ વિદ્વાનોએ સમજવું.

ભદ્ર, આ પ્રમાણે ત્રણ રીતે પરીક્ષા કરેલો જૈનધર્મ અમોએ અંગીકાર કર્યો છે. એ આર્હત ધર્મ જેવી રીતે પરીક્ષામાં પ્રસાર થાય છે, તેવો બીજો કોઈ પણ ધર્મ પરિક્ષામાં પ્રસાર થતો નથી. મહાનુભાવ પ્રદ્યુમ્નાચાર્યના આ વચનો સાંભળી તે ગૃહસ્થ અતિ આનંદ પામી ગયો અને તેણે અંતરમાં ઉમંગ ધારણ કરી સનાતન જૈન ધર્મને અંગીકાર કર્યો. અનુક્રમે એ મહાન આચાર્યની પાસે આર્હત તત્ત્વોનું વિશેષ જ્ઞાન મેળવી અને શુધ્ધ સમ્યકત્વ સંપાદન કરી તે ગૃહસ્થે પોતાનો મનુષ્ય જન્મ કૃતાર્થ કર્યો હતો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## ( દમણમાં પરિક્ષા પૂર્વક થયેલો ઇનામનો મેળાવડો. )

કારતક શુદિ ૧૦ ના દિવસે માહારાજશ્રી હંસવિજયજીએ જૈન વિદ્યાર્થીઓની ધાર્મીક પરીક્ષા લીધી હતી. અને વિદ્યાવૃધ્ધિ વાસ્તે અસરકારક બોધ કર્યો હતો, આ પ્રસંગે મુનિ કુસુમવિજયજીએ જ્ઞાન ભણાવાની આવશ્યકતા વિવેચન પૂર્વક બતાવી હતી, છેવટે યોગ્યતાનુસાર રેશમી રૂમાલોનું બાળકોને ઇનામ તથા સર્વ વિદ્યાર્થીઓને સાકરના પડા મળ્યા હતા. તેજ દિવસે વ્યાખ્યાન થયા બાદ કચ્છ માંડવીથી દર્શનાર્થે આવેલા શા. લખમશીભાઇ રાજપાળે શ્રીફળની પ્રભાવના કરી હતી, અને પાલીતાણેથી આવેલા શા. લાલચંદ ભાઈ શેઠ અમરચંદ દમણીઆ તરફથી નોકારશી જમાડવા પૂર્વક પ્રભુ પૂજા ભણાવી આંગી ભાવના પણ કરાવી હતી.

## " શ્રી મહેસાણા શ્રીમન્ મહોપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાનો ઇનામ સમારંભનો જનરલ મેળાવડો.

મહેસાણા તા. ૧–૧૧–૧૧.

આ શાળામાં અભ્યાસ કરતા સાધુ સાધ્વીઓ તથા વિદ્યાર્થીઓની વાર્ષિક પરિક્ષા પરમોપકારી પૂજ્યપાદ શ્રીમોતિવિજયજી મહારાજજી તથા પંડીતજી રામ લક્ષ્મણજી પાસે લેવરાવી હતી. તેનું પરિણામ ૭૫) ટકા જેટલું આવેલું, તે નિમિત્તે વિદ્યાર્થીઓને ઇનામ ધર્મ પ્રેમી શેઠ ગોકલભાઇ મુળચંદના મહુંમ સુપુત્રી બ્હેન ચંદનબાઈ તરફથી આપવા માટે આજે જનરલ મેળાવડો શ્રીમોતિવિજયજી મહારાજજીના પ્રમુખપણા નીચે ભરવામાં આવ્યો હતો. પરિક્ષાનુ સંતોષકારક પરિણામ, વાર્ષિક રીપોર્ટ હિસાબ, વીઝીટરોના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભિપ્રાયો–વગેરે જાહેર કર્યા બાદ–પ્રસંગને લગતા અસરકારક ભાષણો કરવામાં આવ્યા હતા—

છેવટે પ્રમુખ સાહેબે અભ્યાસીઓને અતિ ઉપયોગી સુંદરબોધ આપી, આવી મહાન સંસ્થાનો વિજય ઇચ્છયો હતો. તા. સદર

હિંદુસ્તાનમાં અનેક સ્થળે આપણા પ્રાચિન દેવાલયો આવેલા છે. જેમાં કેટલાક સ્થળો જે કે આગળ શેહેરો તરિકે હતા અને હાલ નાના ગામડા અને કોઈકોઈ તો તદન જંગલ સમાન થઈ પડેલા છે, કે જે સ્થળોમાં ઘણા વર્ષો પહેલાના પ્રાચિન દેવાલયો, અને અપૂર્વ ચમત્કારિક પ્રતિમાઓ પ્રતિષ્ઠિત થયેલ છે. જેના દાખલા તરિકે હાલમાં અમોને મળેલા ખબર મુજબ સર્વે જૈન બંધુઓને જણાવવા રજા લઈયે છીયે.

ગૂજરાતમાં પાદરા તાબે વણછરા નામનું એક નાનું ગામ છે, જ્યાં આપણું એક પ્રાચિન દેવાલય છે. જેમાં મૂળ નાયકજી શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજીની પ્રતિમા છે. સાથેશ્રી શીતળનાથજી મહારાજની પ્રતિમા છે જે કે ઘણાંજ પ્રાચિન છે. તેમજ સાથે શ્રી ધરણેંદ્ર પાર્શ્વનાથજી મહારાજ અને શ્રી શામળા પાર્શ્વનાથજી મહારાજની પ્રતિમા છે; જેમાં શામળા પાર્શ્વનાથજી મહારાજ કહેવા પ્રમાણે કુમારપાળ મહારાજાની વખતના પ્રતિષ્ઠિત છે. એકંદરે પ્રતિમાજી અલૌકીક અપૂર્વ અને ખાસ દર્શન કરવા લાયક છે. આ વણછરા ગામ હંશરાજ વશરાજનું વસાવેલું કહેવાય છે. આ ખાસ યાત્રાનું સ્થાન છે. જૈન બંધુઓએ અવશ્ય તેનો લાભ લેવા ચુકવું નહિં.

બી-બી-સી-આઇ રેલવે (મુંબઈ જતી રેલવે)માં વડોદરા થઈ વિશ્વામીત્રી સ્ટેશનથી માસર રોડ જતી ટ્રેનમાં મોભા સ્ટેશન આવે છે ત્યાંથી ત્રણ ગાઉ પગ રસ્તે આ વણછરા ગામ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાધુ, સાધ્વી મહારાજાઓ માટે ગામ પાદરાથી સાધી ગામ થઈ મોભા જવાય છે જ્યાંથી ત્રણ ગાઉ આ ગામ છે ત્યાંથી વિહાર કરી મીંયાગામ–ડભોઇ–વડોદરા ગમે તે સ્થળે જવાય છે. દરેક મુનિ મહારાજા કે જૈન બંધુઓને આ ગામની યાત્રા કરવા જવા ખાસ વિનંતિ છે.

(મળેલું)

## મુનિ મહારાજાઓનાં આવાગમન અને ઉપદેશથી થતા લાભો.

ગુજરાતમાં આવેલા ગામ વણછરા તથા પાદરા ગામની આજુ બાજુમાં આવેલા છુટક છુટક ગામોમાં જ્યાં કે દશાઓશવાળ વણીક જ્ઞાતિ જૈન બંધુઓની વસ્તી છે. આવા ગામોમાં કોઈપણ વખત મુનિ મહારાજાઓનું આવાગમન નહિં થતું હોવાથી કોમમાં કન્યાવિક્રય જેવા દુષ્ટ રિવાજો એટલા બધા જડ ઘાલી બેઠા છે કે તેવા ગામોમાં વસનારી કોમની અવનતિજ નજરે દેખાય છે. સારા ભાગ્યેજ મીયાંગામમાં ચાતુરમાસ રહી અનેક ભવ્યાત્માને ઉપદેશદ્વારા લાભ આપી ચાતુરમાસ ઉતરતાં પોતાના વિહાર દરમ્યાન મહોપકારી પરમ પૂજ્ય સ્વર્ગવાસી આચાર્ય મહારાજ શ્રીમદ્‌વિજયાનંદસૂરિ (આત્મારામજી) મહારાજના વિદ્વાન શિષ્ય પરમ ઉપગારી શ્રીમદ્‌વલ્લભવિજયજી મહારાજ અત્રે પધારતાં કન્યાવિક્રયનો દુષ્ટ રીવાજ બંધ કરવાનો ઠરાવ તેઓ સાહેબના સદ્‌ઉપદેશથી ઉક્ત ગામોના દશાઓશવાળ જ્ઞાતીના અમો જૈન બંધુઓ જ્ઞાતી સમસ્ત નીચે મુજબ કર્યો છે.

૧ અમારા જથામાં કન્યાની અછત વીગેરેના કારણથી કેટલાક વખતથી કન્યાવિક્રયનો રીવાજ બહુજ ચાલતો હતો જે હવેથી બીલકુલ બંધ કરવામાં આવે છે.

૨ કન્યાવિક્રયનો રીવાજ થવાના મૂળ કારણો પૈકી પ્રથમ આ ગામોની કન્યા અમારી હદ બહાર જતી હતી તે બંધ કરી હવે અમારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જથામાં અહીં હદમાં કન્યા દેવી એવો ઠરાવ કરવામાં આવે છે.

૩ લગ્ન વખતે જમણવાર આદિના બહુ મોટા ખર્ચો હતા, જેમાં ત્રણ દિવસ ગોરવ અને ચોથે દિવસે વરોંઠીના જમણ થતા હતા, તે કમી કરી આજથી એક ગોરવ કરવું, અને એક દિવસ વરોંઠી કરવી. સદરહુ વરોંઠીના ખરચ બદલ વરવાળા તરફથી કન્યાવાળાને રૂ ૧૦૧) અંકે એકસો એક રૂપૈયા આપવા.

૪ પડલા (પલ્લા) ના રૂ ૬૫૧) આપવાનો ઠરાવ છે તે કાયમ રાખવામાં આવે છે તેથી ઓછું વધતું લેવું દેવું નહી.

૫ રૂ ૧૫૧) વેવીશાળ કરતી વખતે વસનમાં જણુસો આપવી તે જણુસો લગ્ન વખતે પાછા આપે તો રૂ ૬૫૧) પુરા કરી આપવા અને વસનની જણુસો પાછી ન આપે તો રૂ ૫૦૦) ની જણુસો લગ્ન વખતે આપવી.

ઉપર પ્રમાણે ઉક્ત મુનિરાજશ્રીના ઉપદેશાનુસાર કન્યાવિક્રયનો નિયમ લેતા તે ઠરાવ ભવિષ્યમાં નભી શકે તેને માટે ઉપર મુજબના વધારાના ધારા ઉક્ત જ્ઞાતિએ કર્યા છે. ઉપર મુજબના ધારાથી વિરૂદ્ધ વર્તન કરનાર જ્ઞાતિનો ગુન્હેગાર ગણાશે. જેની નીચે ત્યાં વસનારાઓની સહીયો લેવામાં આવી છે. જ્યાંજયાં કન્યાવિક્રયનો દુષ્ટ રીવાજ ચાલતો હોય તે ગામવાળાએ આ ધડો લેવા જેવું છે.

### આ માસમાં નવા થયેલા માનવંતા મેમ્બરોના નામો.

૧ શેઠ કેશરીચંદ ભાણાભાઇ રે. બીલીમોરા પેહેલા વર્ગના લાઈફ મેમ્બર.

૨ શેઠ કેશવલાલ અમુલખ ઝવેરી રે. પાલનપુર ( ત્રીજા વર્ગના લાઇફ મેમ્બરમાંથી ) બીજા વર્ગના લાઇફ મેમ્બર.

(મળેલું)

For Private And Personal Use Only